उदेपूरना राणा राजसिंह-
नां नाटकनां गायनो.

મોરબી આર્યસુબોધ
નાટક મંડળીને માટે.

બનાવનાર.

वाघजी आशाराम, ओझा.

મોરબી. ધ. રહૂ. ફ. આ. માસ્તર.

આવૃતી ૧ લી.

अमदावाद.

ભાભાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને
જન૦ એજ૦ કંપની. "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.
સંવત્ ૧૯૪૨.—સને ૧૮૮૬.
કિંમત ૨ આના.

२७८४३

उदेपूरना राणा राजसिंह-नां नाटकनां गायनो.

મોરબી આર્યસુબોધ

નાટક મંડળીને માટે.

બનાવનાર.

वाघजी आशाराम, ओझा.

મોરબી. ૪, સ્કૂ. ૬, આ. માસ્તર.

આવૃતી ૧ લી.

अमदावाद.

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને

જ૦ એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત્ ૧૯૪૨.—સને ૧૮૮૯.

કિંમત ૨ આના.

પ્રસ્તાવના.

આ ઉદેપૂરના રાણા રાજસિંહનાં નાટકનાં ગાયનો છે. તેનો પ્રસંગ વાંચતી વખતે સમજવામાં આવે, તે સબબ-થી તેની મતલબ સંક્ષેપથી નીચે આપવામાં આવી છે.

મેવાડ ભૂમીનું પાય તખ્ત ઉદેપૂર, જેની ગાદીએ રાણા-ઓ રાજ કર્તા થયાછે. તેમાંથી આ રાજસિંહ રાણાનું ચરિત્ર નાટક રૂપેછે. રૂપનગઢના રાઠોડ અમરસિંહને વિમલા કરીને એક પૂત્રી હતી, તે મહા ધર્મ શીળ તથા ખરૂં ક્ષત્રી-નું અભીમાન ધરાવનારી હતી; તેની મોટી બેન કેશરબા જે ઓરંગજેબ બાદશાહ વેરે પ્રથમ આપેલી હતી, તે એક વખત ત્યાં તેને શીવપૂજન વખતે મળવા આવી, તેને વિમલાએ છેટે આસન આપી મલેચ્છ ગણી તેનો તિ-રસ્કાર કર્યો, તથા હું તો ક્ષત્રીનેજ વરવાનીછું એવી તેની સમક્ષ પ્રતિજ્ઞા કરી. તેથી કેશરબાએ ક્રોધાતુર થઈ એ-કદમ દિલ્લી જઈ પોતાના ખાવીંદ ઓરંગજેબને આડું અ-વળું સમજાવી પોતાની નાની બેનનું તેના પાસે માગું કરાવ્યું, ભરતખંડમાં તે વખતે સૌથી બળવાન મુગલ સત્તા હતી, અને ઘણાં ખરાં રજપૂત રાજ્યો તો તેને માંડલીક હતાં તેથી તે માગું વિમલાની મરજી વિરૂદ્ધ છતાં તેના પિતાએ લાઈલાજ થઈ કબુલ રાખ્યું, બેન પાસે કરેલી પોતાની તિજ્ઞા આથી મિથ્યા થશે, એ વિચારમાં પડતાં વિમલાએ દૂરના પરાક્રમી રાણા રાજસિંહને સ્વબુદ્ધિથી ગુપ્ત પ-ત્રથી આશ્રય આપવા વિનતી કરી, તથા લગ્નને દિ-

વસે આવી પહોંચી તેનું પાણી ગ્રહણ કરવા માગણી કરી. જે પત્ર પરથી શૂરવીર રાણાએ તેવી ધર્મ સંકટમાં આવી પડેલી અબળાને શરણ આપવું એ એક ક્ષત્રી કર્તવ્યછે એમ સમજી એકદમ સજ થઈ લગ્ન અવસર પર જઈ તેનું હરણ કર્યું. આ પ્રસંગે બીજો બનાવ એવો બનેલોકે વિમલાને પરણવા એક બીલ રાજા ઇરાદો રાખતો હતો, તે વિવાહની દોડા દોડમાં વિમલાની બેન કેશરબાને વિમલા સમજી તેનું સાથે તે પણ હરણ કરી ગયો, તથા જંગલમાં તેને રાણાનો ભેટો થતાં કેશરબાના દીન પોકારથી તે બીલના પંઝામાંથી રાણાએ તેને છોડવી. તથા નીતીની રાહ પ્રમાણે ઔરંગજેબને મોકલી દીધી. ત્યાં સુધી નાટકનો પ્રસંગ ચાલેછે. જેની અંદર વિમલાના શૂદ્ધને શૂરાતન ભરેલા વિચાર તથા રાણાના અપૂર્વ પરાક્રમના પ્રસંગ આવેછે.

આ ગાયનોની અંદર ભૂલ ચૂક નજરે આવે તે વાંચનાર ગૃહસ્થો ક્ષમા કરી સુધારી વાંચશો. એવી ગ્રંથ કર્તાની વિનતી છે.

વાઘજી આશારામ ઓઝા
ગ્રંથ કર્તા.

उदेपूरना राणा राजसिंहनां
नाटकनां गायनो.

मंगळा चरण.

ग्रंथ कर्त्ता— (श्री જગદીશ્વરની સ્તુતિ કરેછે.)

ગીતી.

સ્થુળ શરીર નિપજાવ્યું, મતી પ્રેરણા તેં આપી ઈશ.
તેણે ખેલ રચ્યો આ, તેથી કર્તા તમેછો જગદીશ.
તવ આજ્ઞા વિણ એકે, આણું સ્વતંત્રજ ક્રિયા ન કરનારો
નિમિત્ત આપો મુજને, અમાપ આભારીછું હરિ તારો.
દોરીછે તુજ હાથે, શરીર મનડું તુજ ચલવ્યું ચાલે,
એને માન અપાવો, અમાપ કરૂણા આભારો ભાળે.

સર્વ પાત્રો સાથે મળી સ્તુતિ કરેછે.

હે જન પાળક ટાળક દુખનો એ રાહ.
જય જગદીશા, અખીલ અધીશા,
પ્રણતપાલ પરમેશ્વરા;
છો એક અનાદી સિદ્ધ હરી.
જ્યાં મનને વાણી વિરામી રહી,
સગુણ સરવ એ તારાં કામ;
નિર્ગુણમાં પણ તારૂં નામ.
કૃતીઓ અદ્ભૂત કરી તમામ,
ધરા વિશ્વે ધરણી ધરા જય જગદીશ;
તુજ કૃપા બળે જે કામ કરે.

અહં કર્તા નવ અભિમાન ધરે,
પરાજય તે નહિ પામે નાથ.
જેનો તમે ગ્રહ્યો છે હાથ,
સત્ય હૃદયની રહોછો સાથ;
એનીતી તુજ ઈશ્વરા, જય જગદીશા.
આ રાણા કૂળની રાજ કથા.
દ્યો મતી ભજે તે ખેલ યથા
આર્ય સુબોધને તુજ આધાર,
તારાં બાળક જગદાધાર,
વંદન કરીએ વારંવાર,
પાત્ર જનો પરમેશ્વરા, જય જગદીશ;

ઉદેપૂરના રાણા રાજસિંહના નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

" વિમળમતી કાન્તા પ્રત્યે સતિની પ્રસંશાનું વિવેચન કરેછે. "

રાગ ખંભાત.

(અમરફૂલ આવ્યું આ એ ચાલ.)

સાંભળો બેનો સાચો આ, સતિનો શૃંગાર રે, ટેક.
અલંકારો એ અનુપમ, વસ્ત્ર સુંદર સાર રે, સાંભળો.
શીયળ તણી સુંદર, સાડી અંગે ધારી રે,
શર્મ રૂપિ ચોળી કરી, પરિધાન પ્યારી રે; સાંભળો.
પતિવૃતા છાપનો, અંબોડો રૂડો માથે રે,
પતી સેવા પુજા શોભે, છે કંકણો હાથે રે; સાંભળો.
આંખનું અંજન દ્રષ્ટી, અવર ન કરવા રે,
પર ઘર બંધન, ઝાંઝર પાયે ધરવાં રે; સાંભળો
અનુકુળ બોલી, પીયુ કરવા પ્રસંન રે,
પતી પ્રસંશા વિવિધ, અલંકારો મન રે; સાંભળો.

—તા— રાગ કલ્યાણની ગજલ.

"શ્રી જગત પતિ એ રાહ"

સુ બેની પ્યારી, જેજે થઈ સતિ નારી,
તેને પ્રભુ જાણતી, તું જોન વિચારી; સુણ.

સીતા કુંન્તી સુલોચના, અનેક સતી વિખ્યાત,
વરતી સર્વે તેમજ ભર્તા, વિના અવર નહીં વાત; સુણ.
આશ્રય બેહુ એને સાચા, પતી અને જગદીશ,
પતિ રક્ષણથી દૈવ પડાવે, ત્યારે સાચા ઇશ; સુણ.
નળને પ્રભુ જાણ્યા દમયંતી, એકજ પતિ અનન્ય,
પતિ સ્મરણ તે કદી ન ચુકી, સંકટમાં શુદ્ધ મન સુણ.
જુઓ દ્રૌપદી પાંડવ જનની, સતી જે નિરમળ નાર,
દુઃખ દુર્યોધનથી પામી, તવ કૃષ્ણે કીધી સાર; સુણ.
માટે એ સતિઓની રીતિ, રાખીને જગ માંય,
શિયળ તણું કરવું રક્ષણને, કંથ તણી સેવાય; સુણ.

વિમળમતી—

ધન્ય બેની મારી, તુજ શીખ મેં દિલ ધરી,
પણ એ સતીયો કાન્તા કાંઇક, કાચી તો ખરી. ટેક.
કેમ દ્રૌપદીએ સંહાર્યાં નહિ, કૌરવને આપ,
જેથી એના પતિએ વેઠ્યા, વિદેશે વનના તાપ; ધન્ય.
ઇંદ્રજીતની સુલોચના, મહા સતી અતિ હુંશિયાર,
શત્રુ હાથ કેમ પતિ શિર પોચ્યું, ઘર બેસી રહી નાર; ધન્ય
જુઓ અમારી બેના શુરી, સોનરાણીનાં કામ,
જઇ દિલ્લી ઉગાર્યો પતિને, સતિ તો એનું નામ; ધન્ય.
વણુ હીંમત હું સતી વદું નહીં, અબળા મિથ્યા નામ,
ટેક જાય ને પતિ રખડે, તો સતી તણું શું કામ; ધન્ય.

કાન્તા—

ગીતિ.

સતિ સરવ એ સાચી, પણ હિંમતમાં ખરે કહું કાચી,
તુજ ક્ષત્રીવટ તુજમાં, રાજ તનુજા જોઇ તુજને રાચી.

ધન્ય ધન્ય છે બેની, વિનોદ વાણી તારી સુખદાતા,
શૂરાતન પુરજ અંગે, વિર પુત્રી તું થવીછું વીરમાતા.

વિમળદેવી— રાગ ઇંદ્ર સભાની ઢબની ગજલ.)

શુંણ કાંન્તા માહરો છે, એક એ વિચાર,
યોગ્ય પતિ જો મળે તો, વરવા છું તૈયાર;
કુળ ગુણ રૂપ શીળ, અને વિદ્યાવંત,
શુર વીર ક્ષત્રી પુત્ર, શોધવો છે કંથ.

કાંન્તા—

એવો કંથ કદીક બેની, જો નહીં મળે,
ત્યારે કેમ કરીશ, વિમળા દેવી કહે અરે;
વળી કદી પિતા તમારા, લઈ બીજે દીએ,
કેમ કરશો ત્યારે લગ્ન, એ જો નવ લીએ,

વિમળદેવી—"કાંન્તા પ્રત્યે વિમળા મનવડે સંકલ્પ કરેછે."

બિહાગની ગજલ.

જો અમારૂં મનનું ધાર્યું, થાશે બેની સત્ય,
અમને પુછી કરશે પિતા, માનશું એની મત્ય; ટેક.
પછી તો બેની કહ્યુંછે તેમ, ધાર્યુંછે નકી,
ભક્તિ કરવી શ્રી હરીની, આ કાયા થકી; જો.
મુક્તિદાતા શ્રી હરિ, ન જાવા વીસરી,
જેની કૃપા થકી, રાજ ઘેર અવતરી; જો.

કાન્તા— (શીખામણ આપેછે.)

માઢની ગજલ.

હરિની સેવા માંહે કેમ, કાઢશો રે કાળ,

કુષ્ટ જોબન, નથી ત્યાં સુધી, આમ બોલો બાળ; હરિ
પણ પતિ વિના પછી તો, નહીં બેની રડે,
જો પુવા તું મારી મનડું, ઘાટ કંઈ ઘડે: હરિ૦
સદ વિદ્યાને સારા ગ્રંથ, વાંચીએ અહીં,
નીતિ ભોજન આપે પિતા, શુદ્ધ છે સહી; હરિ૦
પછી તો પ્રભુ કંથ એક, સત્ય રે ચહો,
જોડાં નિરમ્યાં હરિએ, નિયમ નથ ફરે લહો; હરિ૦

વિમળાદેવી— રાગ ઉપરનો.

આવો ઉત્તમ બોધ બેની, આપજે સદા,
કાન્તા તારે અલગ્ગુ કુંથી, નવ થવું કદા; આવો૦ ટેક

વિમળાદેવી—"વિમળાદેવીને કાન્તા અરસ પરસ યોગ્ય પતિ મળવાની વાત કરેછે એ અરસામાં ભીલની દીકરી પુરંધરી ભીલના ઠાકોરનો એક પત્ર આપેછે, વાંચી કાન્તાપ્રત્યે પુરંધરીને ઠપકો દે છે."

ગઝલ.

(અરે લાલદેવ એ રાહ.)

અરે કાન્તા આ શું રે, લાવી છે આમ,
કહાં ક્ષત્રી રાઠોડમાં, ભીલ નામ;
કહાં પિતુ મારા જે, મારૂ પતિ,
કહાં ભીલ ઠાકોર, શી આ ગતિ;

કાન્તા—(કાન્તા ધીરજ દઈ, વિમળાનો ગુસ્સો સમાવેછે.)

રાગ ઉપરનો.

અરે વિમળ બા ન, અકલ્યેબ થાઓ

એના બોલ એવાજ, હોયે વૃથાઓ;
જેવું કુળ એનું છે, તેવા વિચારે,
એમાં દોષ એનો, નથીરે લગાર;
વિચારીને જુઓ, ભીલ એનો છે તાત,
વળી ભીલડી, એક એનીછે માત;
ખરૂં અભિમાન, અને સાચી ટેક;
એવું કદી એમાં ન, હોયે રે છેક,
નથી ક્ષત્રી કુળ, નથી બ્રહ્મ કુળ;
નથી એ વણિક, વિચારો જો મૂળ.

બીજી બે દાસીઓ—(હાડાજી શું કરો સાહસ એ રાહ.)

વિમળા—ન કરો વિચાર એ, નીચમાં ન હોય બુદ્ધિ સારી
ભીલની પુત્રી આછે પુરંધરી, જાત એની જુઓને વિચારીરે
અમૃત ફળ ક્યાંથી આવશે એમાં, ખેતર જમીન મૂળ ખારીરે
સારી શિક્ષા બહુ દેતાં અમે પણ, બુદ્ધિ એની ગઈ નનઠારીરે

કેસરબા—(કેશરબા દિલ્હીના બાદશાહ ઔરંગઝેબની હુરમ રૂપનગઢ પોતાનાં મા, બાપ, બેન ઇત્યાદીને મળવા શાહ પાસે રજા માગે છે.)

રાગ ઈંદ્રસભાનો.

રૂપનગઢ જાનાં એસી, ઇંતેજારી હે,
ખાવીંદ દો રજા મુજે તો, દિલ કરારી હે;
આપકે જનાને મેં, હુવા હે વર્ષ બાર,
એક વક્ત દો રજા હો, મુગલકે સરકાર.

ઔરંગજેબ— (રજાને માટે આનાકાની કરેછે)

દિલ લગી તેરેસેં મેરી, ક્યું જુદા મે હોઉં,
ઔર હુકમ બહોત મગર, મુશ્કમેં તુજસે હોઉં
તેરી સુરત તેરા બદન, લ્યાકત ક્યા હે તેરી,
તુજસેં જુદા પડના હોવે, તબ ખરાબી મેરી;
તકલીફ ઐસી મત ઉઠાવો, હો મેરે દિલજાન,
રૂપનગઢ જાનાં બિચમે, મુલ્ક હે વેરાન.

કેશરબા—નામદાર માસ એક, મુદ્દત મુજકું દેઓ,
હિલ મિલકે આઉં ઇધર, સચ્ચ સુકન લેઓ;
એક વકત જાનાં ઐસા, દિલમે હે જરૂર,
ચાય તેસા હોય મગર, દ્યો રજા હજુર;
મેરી માત બેણુ મેરે, બાપકે દેદાર,
એક વખ્ત કરકે આઉં, ફેર મુજે કરાર.
જો ન જાઉં તો મેરા દિલકું, ગમ ગિની રહે.
અર્જપે દરિયાફ કરો, દુર ન બહોત હે.

કોમારદેવી—(પોતાની દીકરી કેશરબાને મળેછે દિલીના દરબારની રીતભાત પૂછે છે.)

ગજલ.

(જફાવો શિતમકો એ રાહ.)

કહો કેશરબા છો રે, પુત્રી સુખી,
ગયાં દિલ્લી માને, વિસારી મૂકી;
થયાં વર્ષ બાર, ન લીધી સંભાળ,
આવ્યાં આજ સામે, જણાવીને પ્યાર

કહો દિલ્લી શાહ, તણી કેવી પ્રીત,
કહો ત્યાંના દરબારની, કેવી રીત;
નથી એવું રાજ, બહુ જેનું પુર,
નમી તારા પિતાએ, દીધી જરૂર;
નહીં ઓછું લગાડવું, એની કાંઈ,
જેપુર મારવાડે જ્યાં, જોડી સગાઈ;
અરે એક પુત્રી, અને બીજી ગાય,
જહાં દોરી આપે, તહાં તે તો જાય;
તમારો વિયોગ, કરે મુંને કેર,
અરે પુત્રી ગઈ જ્યારથી, દિલ્હી શહેર.

કેશરબા—અહો અમાં તુંમ ન, હોનાં દીલગીર,
મેરેમેં સદા વહાંકી, રીતિ અમીર;
બડા દિલ્હી શાહ, જો મેરા હે ખાવીંદ,
સદા મેહેરે પ્યારે, વો મેરે આધિન;
સારા ભરતખંડ હે, જીસ્કી સલ્તનત,
હુરમ હું મેં જીસ્કી, બડા જો તખ્ત;
મેરા દિલ હે ઉસ્સે, ન જુદા જરા,
સદા પ્યાર મેરેમે, ઉસ્કા હરા.
માનુ માત તેરા, સદા એહેશાન,
દિલ્હી શાહકું દિના હે, જુગમે નિશાન.

કેશરબા—"વિમળદેવી કેશરબાની બેન છતાં મળવા ન આવી માટે કેશરબા પોતાની મા કોમાર દેવીને ક્રોધયુક્ત કહે છે."

રાગ ઉપરનો.

અમાં મુજે મીલને, ગયે આઈ સબ,
મેરી બેણુ નાઈ, વો ક્યા હે સબબ.
લીખાથા તુંમે, બહોત કરતી હે યાદ,
ક્યું વિમલા નાઈ નહીં હે, ઉસસે ફિસાદ.
બારા વર્ષ પે મે, આઈ અપને ગામ,
ક્યું મિલનાં ભુલી, યહ બિમલા તમામ.

કોમારદેવી—"કેશરબાને શાન્ત કરી વિમળા ન આવી તેનું કારણુ બતાવે છે."

ગીતિ.

શુંણુ પુત્રી કેશરબા, વિમલા સદાય કરતી શીવ સેવા;
સ્નાન ધ્યાનને પુજા, કર્મો કરવાં ગમતાં શુભ એવાં.
તે માટે હજુ નાવી, તો પણુ નિશ્ચે આવે તુજ પાસે,
મોટી બેનને મળવા, નહિં કેમ આવે અંતર આશે.

વિમળાદેવી—"શીવની પુજા વિધી પ્રમાણે કરી સ્તુતિ કરેછે."

દીંડી

શુંણો શિવજી કરૂં હું, વિનતી આ ઉચ્ચારી,
નિશદિન રહો તવ ધ્યાન, મુંને સુખકારી;
ક્ષત્રી નીતિ રીતિ, નવ તજુ ત્રિપુરારી. શુંણો ટેક.
સીતાનું સતીત્વ, આપજો મારે અંગે,
હામ આપજો હરજી, વિકટ દુઃખ પ્રસંગે;
ક્ષત્રી વિર મારે વરવો, એક ઉમંગે; શુંણો.
શરીર પડે કદી પણ, ક્ષત્રી ટેક ન ત્યાગું,

શિયળ સાચવીને, તવ ધ્યાન વિષે શિવ લાગું;
શુધ્ધ ભકિત મુખથી, હું તમારી માગું, શુંણો.

—<>—

રાગ એમન કલ્યાણ.

ગીરિજાપતિ આ, વિનતી હમારી ગીરજા. ટેક.
ચરણ કમલમાં મમ ચિત લાગો, ધુર્જટી ત્રીપુરારી;ગિરજા
ચંદ્ર મૌલી શિવ મુકિત દાતા, સ્તુતિ સદા કરૂં પ્યારી.ગિ.
ક્ષત્રી બાળાનો અંકુર મુજ હૃદયે, દ્રઢ કરો વિષધારી.ગિ.

વિમળાદેવી—(વિમળા શીવ પુજામાં તલ્લીન છે. ત્યાં તેની બેન કેશરબા આવી શિવ પુજનની નીંદા કરી કહેછે કે બેન એક હકતાલાને સમર ને આ કંકર પથ્થરનાં પુજન છોડી દે! વિરમતી વિમળા એ સાંભળી ક્ષત્રી ટેક, નેક, સ્વાભિમાનથી ક્રોધ સાથે તેનો તિરસ્કાર કરે છે.)

રાગ.

(શુંણો દિલી તખ્ત ધરનાર, એ રાહ.)

તેતો જઈ કીધો દિલ્લી વાસ,
રાઠોડ પુત્રી નથી રહી રે, ટેક.
તું વટલી તે તરક અવાસ; રાઠોડ.
તું બાદશાહની, થઈ છું બેગમ, રાઠોડ.
તુંને ક્ષત્રી નારીની, નોય ગમ. રાઠોડ.
તું જમીછું તરક, તણું અન્ન, રાઠોડ.
તેથી અશુદ્ધ, થયું છે તારૂં તન, રાઠોડ.

તારૂં જુએ નહિ, આહીં દરશન, રાઠોડ.
તુંને જોતાં ઝેર, વરસે છે મન. રાઠોડ.
જ્યારે પિતા નમ્યા, દિલ્લી પતિ પાય, રાઠોડ.
તુંને હાજર કરીને, દીધી ત્યાંય; રાઠોડ.
તારે મરવું હતું, તેહ કાળ, રાઠોડ.
નોતી ચડાવવી, તરકની આળ; રાઠોડ.
તું કોલા રાણાની, થઈ જોડ, રાઠોડ.
શુરા કરણને દીધી, જેણે ખોડ; રાઠોડ.
તુંને રાણક દેવડી, વિર માત, રાઠોડ.
યાદ નાવી લજવી છે, તે વો જાત; રાઠોડ.
તું ગઈ જો તુરક, તણે સંગ, રાઠોડ.
તેથી બુદ્ધિ બગડી, તુજ અંગ; રાઠોડ.
તેં સંભારી ન, વિરમતી નાર, રાઠોડ.
લાલચાંથી છૂટી, જેહ હુશિયાર; રાઠોડ.
તુંને ગમ્યાં એની, કિતાબ કુરાન, રાઠોડ.
ક્યાંથી જાણુ હીંદુ, શાસ્ત્ર ને પુરાણ; રાઠોડ.
તુંતે ઊચે મોઢે બોલેછે, શું બેન, રાઠોડ.
તારે મુંને નવ કેવાં ઘટે વેણ; રાઠોડ.
તેં તો મૂક્યું રજપૂત, અભિમાન, રાઠોડ.
ધીક ધીક નીચ કરશું, ગુમાન. રાઠોડ.
કદી થઈ બાદશાહની, બેગમ, રાઠોડ.
ધીક તજી તેતો, કૂળની શરમ; રાઠોડ.
હવે રજપુતાણીની, ગઈ છાપ. રાઠોડ.
તુંને તરકડીનો છે, ઈલકાબ; રાઠોડ.

કેશરબા—અરે વટલી છું, હાહા તેરી બેન,
બેગમ બાદશાહની સાચી રે; ટેક.
પણ યાદ રાખજે તું તારાં વેણ, બેગમ.
તું વાદ વદી, માહરે સંગાથ, બેગમ.
તુંને સોંપાવું જો, તુરકને હાથ; બેગમ.
તુંને કરૂં તેજ મુગલની નાર; બેગમ.
તુંને કરૂં જો, ખરાબ ખુવાર, બેગમ.
કમજાત તુંને, કલમા પઢાવું, બેગમ.
તુંને પાણી, ઈસલામનાં પીલાવું; બેગમ.
તારી તોડાવું જો, ખરી ક્ષત્રી ટેક, બેગમ.
તારે માટે ગોતું. જોજે શેરએક; બેગમ.
આવી ચતુર મીયાંના, પગ ચાંપ, બેગમ.
સદા કલમે, શરીફ જપ જાપ; બેગમ.
તારાં કંકરે, પથ્થરેનાં પુજન, બેગમ.
વણસાડી, નિમાજમાં જોડ મન. બેગમ.
હવે અન્ન પાણી, આંહીનું હરામ; બેગમ.
કરૂં દિલ્હી જઈ પેલું એહ કામ; બેગમ.
તારાં વચન સુણ્યાં છે, મેં આ કાળ, બેગમ.
રોમ રોમ પ્રગટી છે, મુંને ઝાળ; બેગમ.
કરી પ્રતીગના, જાઊં દીલ્હી શેહેર, બેગમ.
તેં કુટુંબ માથે કીધો છે કેર. બેગમ.

દાસીઓ— (બેઉ બેનોને આજંવતા કરેછે.)

(રે જરા સુનો તો સહી એ ચાલ.)

બેનો વિચારો જરા, (૨) સંભારો આપનો સંબંધ હો
વિચારો જરા; ટેક.

દાગ દીલમાં રાખો, પલટી જાય તોરે ધરા;
આ શું ધારી બેઠાં, ધંધો હો વિચારો જરા; સંભારો.
કેશરબા તમે છો, મોટાં ને સુજાણ ઘણાં;
વિમળા મૂકોને કુ છંદ, હો વિચારો જરા. સંભારો.

"દાસીની વિનતી ઉપર ધ્યાન ન દેતાં કેશરબા જાયછે ને વિમળા દેવી પોતાની માને આ સર્વે વાતથી વાકેફ કરવા જાય છે.)

अंक २ जो.

સ્થલ—અમરસિંહનું અંત:પુર.

વિમળાદેવી—(કેશરબા સાથે બનેલો હેવાલ પોતાની માને કહે છે.)

(નવ રહ્યો જગત એ રાહ.)

એણે કહ્યું વિમલાઆશુંરે સુઝે, કંકર પથ્થર લઇને શું પુજે. એણે. ટેક
છોડી દે પુજન આ પથ્થરનાં, નામ ખુદાનું દિલમાં એક બુઝે. એણે.
છોડ પ્રપંચ તું દીલ પાક રાખી, ધિક્કાર આવું ધ્યાન ધર્યુંછે. એણે

કૌમારદેવી—" તેં પછી કેશરબાને શું જવાબ દીધો? "એમ પૂછે છે ત્યારે કહે છે.

વિમળા— રાગ ઉપરનો.

ભ્રષ્ટ થયું બેની, અંગજ તારૂં,
તરકનું અન્ન, જમી તું નઠારૂં; ભ્રષ્ટ. ટેક.
તેથી મતિ આવી, તુજને રે સુજે,
ક્ષત્રી અભિમાન, તેં ખોયું તારૂં; ભ્રષ્ટ.

ધીક્ ધીક્ તુજને, મ્લેચ્છના ઘરમાં,
મરવું કબૂલ કર્યું ન કેમ સારૂં; ભ્રષ્ટ.
ઓર માન બેન તું, મારી કેશરબા,
પણ તુજ બીજ, હશે કોઈ ન્યારૂં. ભ્રષ્ટ.

કોમાર દેવી.—(શાબાશછે; તુંને પુત્રી!)

રાગ ઠુમરી.

(માનુ રો રો ને અખીયાં લાલ ભઈ.)

ભલે વિર વચન પુત્રી, કીધાં તેં એવાં, ટેક.
ઉદર મારૂં તેં તો શોભાવ્યું, છોરૂં પ્રગટો તુજ જેવાં;
ક્ષત્રી અભિમાન મૂક્યુંછે જેણે, ફીટકાર તેનેતો દેવા; ભલે.

—※—

વિમળા.—"પોતાના પિતા અમરસિંહને વિમળા પ્રતિજ્ઞા કરેલો નિશ્ચય જાહેર કરે છે.

લાવણી.

હું નહીં રે વરૂં (૨) ક્ષત્રી વીણ પુરૂષજ અન્ય,
એ નિશ્ચયછે માહારો, શિર છત્ર ધાર જો મન; હુંનહીં.
કદી શત્રુ કટકા (૨) આ શરીર તણા પિતુ થાય,
પુત્રી તમારી પેખજો, કદી તુરક ઘેર નહીં જાય; હુંનહીં.
શીદ નિર ખુઓ (૨) ક્ષત્રીનું નિરમળ નામ,
એકને આપીછે તમે, બીજાનું શીદ લ્યો નામ; હુંનહીં.
કદી મેર ચળે (૨) ધ્રૂ મંડલ તજે નિજ ધામ,
સમુદ્ર મર્યાદા મૂકે, પણ હું નહીં કરૂં એ કામ; હુંનહીં.
ભોરીંગ મણિ (૨) સિંહ મુચ્છ તણો જે વાલ,

સતીનો પાલવ પામતાં, કો કોણુ ન પામે કાલ; હું નહીં.
વાઘેલા કરણુ (૨) મેવાડ તણો જે પ્રતાપ,
સંકટ બહુ બહુ તે સહ્યા, પણ નમ્યા ન મુગલને આપ; હું નહીં.

અમરસિંહ— (રાગ ઇંદ્ર સભાની ગજલનો.)

વીર વચન કાઢે પુત્રી, ધન્ય એની ટેક.
કે શું પ્રીયા એને કહું, ક્ષત્રીનો વિવેક.
બલેજ થાય ત્યારે પ્રીયા, દૈવે નિરમ્યું જેહ,
મુગલ બલે ચડીને આવે, ખોશું ત્યારે દેહ.
પણુ આ બાળાને કુંભારી, કરવું નથી કામ,
વિર માતા આછે વિમળા, જો તું એની હામ.
માટે શોધી કાઢો કોઈ, યોગ્ય ક્ષત્રી વિર,
લગ્ન સદ્ય કરીએ હવે, રાખવી ના ધીર.

કુમારદેવી—

ઠીક છે વિચાર એહ, શુંણો રે પ્રાણુનાથ,
વિર પુરૂષ કાઢો શોધી, સોંપે જેને હાથ.
વળી એવો પુરૂષ જે, મુગલથી નવ ડરે,
કદીક વિઘ્ન થાય, પગલું પાછું નવ ભરે.
સૂર્યવંશી ચંદ્રવંશી, વરશે આણી વાર,
માણુસોને મૂકી શોધીએ ક્ષત્રી કુમાર.

અમરસિંહ— ગજલ.

(મેને ક્યા જુલ્મ એ રાહ.)

વિલંબ એમાં કરવો નહીં પ્રીયા મારી પ્રીયા મારી, ટેક.
શોધીને સદ્ય પ્રસન્ન કરો, પુત્રી પ્યારી (૨) વિલંબ.

નહીંતો કુશળ પ્રીયા નાથશે, છે વૈરભારી (૨)
કેશરબા ગઇછે દિલ્લી વિશે, બુરૂં ધારી (૨) વિલંબ.

વિમળા. **સીંહાનો કનરો.**

આમ પિતુ મારા, શિદને વિચારો;
મૃત્યુ વિશેષ મુને, નથી ધારો આમ; ટેક.
વચન કટુ સુણી, કરીછે પ્રતિજ્ઞા,
બોલ ન મિથ્યા, થાશે હમારો; મૃત્યુ.
યોગ્ય ક્ષત્રી વિર, મળશે તો વરશું,
નહીં તો આ દેહ, નથી પિતુ પ્યારો; મૃત્યુ.

અમરસિંહ—(વિમળાની મરજીને આધીન થઇ ધીરજ અમરસિંહ દેછે.)

રાગ ઇંદ્રસભાની ગજલ.

ધન્ય બેન રેહે તું ધન્ય, તારી જોઇ ટેક,
સારો સ્વામિ શોધી તુજને, આપ્રવી વિવેક;
રૂડી રીતે પરણી બેન, કુશળ ઘેર જાય,
એ ઇચ્છાજ છે હમારી, પ્રીય સુતા સદાય.

કેશરબા—"દિલગિરી યુક્ત રૂપનગઢમાં થએલો તિરસ્કાર ઓરંગજેબને રોશન કરે છે.

રાગ ઇંદ્રસભાનો.

જલતી હે ખાવિંદ મેરે દીલમેં, યહ ચિરાક,
મેં તુમારી બેગમ, ઉધર જા બની નાપાક.
ગૂરક ઘરમેં મેં બસી, મેરા ક્યા હે તિરસ્કાર,

મેરી બેહેણ હે વિમલા, ઉને દીયા મુજે ધિક્કાર.
મૈંને કસમ ખાયા ઉધર, તુજે દિલ્લી બુલાઉં,
સચ્ચી બેગમ બાદશાહકી, જો મ્લેચ્છ પાની પાઉં.
અરજ મેરી યહ હે ખાવિંદ, ઉસકું અહીં બુલાઓ,
આપ ઉસકી સાથ, નિકા પઢકે અહીં બીઠાઓ.

ઓરંગજેબ— "ધીરજ દેછે."

રાગ ઉપરનો.

મત ફિકર હે રખો પ્યારી, રૂપનગઢમેં જાઉં.
નીકા ઉસસેં પઢકે, તેરીસંગમેં બિઠાઉં
તેરી લુંડી જો ન કરૂં તો તેરા હે કસમ,
ઉસ બીના ન પીછા આઉં, મુગલકા તુખમ.
રૂપનગઢકું કે તો કરૂં, જાકર જમીન દોસ્ત,
બોલ ઉસસેં ક્યા મેં, જ્યાદે કરૂં ત છોડ રોષ.
હિંદુ કાફર ક્યા તે કરતે, બિન સમજ બકવાદ,
ખબર મેં જા લઉંગા ઉસકા, રખતે પ્યારી યાદ.
તેરા દિલકું દિલગીરી, સો મેરા દિલ બેચેન,
ખુશ મઝમેં રેહે તું પ્યારી, રખ દિલમેં ચેન.

વિમળા—"ક્ષત્રી વિના અવર પુરૂષ ન પરણવો તેવો નિશ્ચય વિમળમતી કાન્તા આગળ કરેછે."

ગાયન.

(ક્ષત્રી કલંક એ રાગ.)

કદી શરીરના કટકા થાય, વિના ક્ષત્રી હું નહીં વરૂં, ટે
કદી અગ્નીમાં, દેહ જળી જાય; વિના.

કદી ઉગે જો, પશ્ચિમ શૂર; વિના.
કદી ચાલે અવળાં, નદી પૂર; વિના.
કદી વિદ્વાન, કરે નીચ કામ; વિના.
કદી કાયર જો, જીતે સંગ્રામ; વિના.
કદી સમુદ્ર મૂકે, મર્યાદ; વિના.
કદી ધર્મ રાજા, નવ દીયે દાદ; વિના.

વિમળમતી—પોતાના પિતાએ ઔરંગજેબ તરફથી આવેલું માગું કબુલ રાખ્યું તેથી પોતે ઉદેપૂરના એક અટંકી પ્રતાપ રાણાના પૌત્ર રાજસિંહ ક્ષત્રીનો અંકુર રાખી મુગલની સામે તકરાર લે તેવાછે એવું જાણતી હતી તેથી પોતાની સખીને કહેછે કે હે કાંત્તા હું આ એક વિનતિ પત્રીકા પ્રેમ સહિત રાણાને લખુંછું. તે સાંભળ!!

લાવણી.

(મુઝે છોડ ચલા બનજારા એ રાહ.)

આ પત્ર વાંચજો પ્યારા, તમે ખબરજ લેજો મારા, ટેક.
લખીતંગ વિમળા દાસી, છું તવ દરશનની પ્યાસી;
છું રાઠોડની પુત્રી પ્યારા, તમે ખબરજ લેજો મારા; આ.
મુગલોથી કાગળ આવ્યો, રુજ પિતાને એણે ડરાવ્યો,
તેથી વિચાર કરે નઠારા, તમે ખબરજ લેજો મારા; આ.
હે રાજા તમને વરીછું, એ મુગલોથી નથી ડરી હું,
સત્ય કરજો બોલ હમારા, તમે ખબરજ લેજો મારા; આ.
એણે વસંત પંચમી ધારી, છે લગ્ન તણી તૈયારી,

તે દિન પહોંચજો પ્યારા, તમે ખબરજ લેજો મારા; આ.
જેમ રૂક્ષ્મણીએ પણ લીધું, તેમ મેં પણ અહીંયા કીધું,
હે કાંત કૃષ્ણ છો મારા, તમે ખબરજ લેજો મારા; આ.
નિર વિર પૃથ્વીને દેખું, કોઈ માઈ પૂત નવ પેખું,
એક રાણા નરછો ન્યારા, તમે૦ આ.
અરે મ્લેચ્છ જાતને વરવું, તે થકી બેહેતર છે મરવું,
નહીં આવો થશો હત્યારા, તમે૦ આ.
ક્ષત્રીનું તેજ સહું વામ્યું, અસ્તાંગત સઘળે પામ્યું,
એક તમે છો પ્રાણ હમારા, તમે૦ આ.
મુગલોએ સૌને પાડ્યા, છો એક અટંકી રાણા;
થયા ક્ષત્રી સરવ બિચારા, તમે૦ આ.
છો પ્રતાપના કૂળ દિવા, તમ સાથ ચહું છું વિવા,
હે રાજસિંહ રઢીયાળા, તમે૦ આ.
નથી અવર ઉપાયજ મારો, ક્ષત્રીનું બિરદ વિચારો,
છું દિન તમારી દારા, તમે૦

રાગ સોરઠ.

(પીયુ મારા વચને પળજોરે એ રાગ.)

હે મેવાડના મહારાણારે, શૂર વિર ગણું છું શાણા, ટેક.
પૌત્ર તમે છો પ્રતાપ રાણાના, એક અટંકી ગણાણારે; શૂર.
નહીં આવોતો નૃપ થશો હત્યારા, પ્રાણ મુજ તમથી બંધાણારે; શૂ.
વસંત પંચમી જોરે વિતીતો, નામ તણાં ઓશો નાણારે; ,
રાજસિંહનો બચ્ચાજ હુંછું, શીયાલ નર લોભાણારે; શૂર

શિખરણી વૃત.

ખરીધાંછે સૌને, મુગલ મહીપાલે રજપૂતો,
દીધાં સૌનાં મૂલો કર શિર ધર્યાંછે સરવકો.
તમોને હે રાણા, ખરીદ કરવાને મથી મર્યો,
તથાપિ તે હાર્યો, મૂલ દૈ હજી તે નથી શક્યો.

રાણા રાજસિંહ—"રૂપનગઢથી વિમળમતિનો પત્ર બ્રાહ્મણ રાજસિંહને આપે છે. વાંચી પોંચા કરડી, શરણ દેવા હામ ભીડે છે."

રાગ.

(ક્ષત્રી કલંક એ રાહ.)

અરે આવાં માંડ્યાં, ક્ષત્રી બચ્ચે કામ,
ક્ષત્રીમાં શું રે, આવી ખુટ્યું રે; ટેક.
ધીક ધીક નીતિ, કરોછો હરામ, ક્ષત્રી.
ધીક તુરકનાં, જઈ જમો અન્ન, ક્ષત્રી.
ધીક બેટી દઈ, રહોછો પ્રસંન્ન, ક્ષત્રી.
અરે કહાં ગઈ, તમ શમશેર; ક્ષત્રી.
ધીક તરેકડા, કરે માથે કેર. ક્ષત્રી.
જ્યારે વિધાતા આપેછે, વિર બાળ, ક્ષત્રી.
તેવી પુત્રીઓને, પડાવોછો ફાળ; ક્ષત્રી.
શુંણો પૂર્વજોનાં, તમે પરાક્રમ, ક્ષત્રી.
મહા ભારતમાં થયાં જે રતન; ક્ષત્રી.
સાચો હોઊ તો, લવ કૂશ અંશ, ક્ષત્રી.
કાઢું જવનનો, જઈ નીરે વંશ; ક્ષત્રી.

રાજ બોરોટ શું નથી, તમ પાસ, ક્ષત્રી.
નથી સાંભળતા, તેથી ઇતિહાસ ક્ષત્રી.
વરે તુરકને જો એ, વનિતાય, ક્ષત્રી.
તો તો ધાવ્યો નથી, હું તો ક્ષત્રી માય; ક્ષત્રી.

વિરમતિ—"રાજસિંહની માતુ વિરમતિ દાસી પ્રત્યે ક્ષત્રી પુત્રમાં કેવાં શુરાતન ઝળકી રહ્યાં છે તેની પ્રસંશા, તથા સમુદાય કહે છે"

માલિની છંદ.

નહિં નહિં તનુ મારો, યુદ્ધથી જેહ બીધો,
નહીં નહીં તનુ મારો, પાય પાછોજ દીધો;
નહિ નહિ તનુ મારો, ભીરૂ થઈ બોલ ભાખ્યો,
નહિ નહિ તનુ મારો, શત્રુનો દ્રૂપ સાંખ્યો,
તનય નકીજ મારો, પાય પાછો ન દેશે;
તનય નકીજ મારો, યુદ્ધમાં અગ્ર રેશે;
તનય નકીજ મારો, પ્રાણ આશા ન આણે,
તનય નકીજ મારો, વેરીઓ ઘા વખાણે;

દાસી— "બાઈ સાહેબ ત્યારે એવા શુર વિરો કોણ કોણ થઈ ગયા."

વિરમતિ— **રાગ કલ્યાણની ગજલ.**

"સલામ સલામ. ચાલ."

શુંણ હમારા તન, જે ભરતનાં રતન,
માતાઓ શોભાવી, જેણે રહી રણે મગન; શુંણ.

ભિષ્મ અમારા તન, અરજુન કુંતી તન,
પૃથુરાજ કરણ ઝુઝી, રણ થયા પતન   શુંણ.
વનરાજ તન, અને રામચંદ્ર તન,
થઈ ગયા પ્રતાપ આગળ, નવ નમ્યા યવન; શુંણ.
ઈંદ્રજીત તન તેવા, દ્રોણાચાર્ય તન,
યુદ્ધ વિષે સોંપ્યાં શિશ, ભાઈ કૌરવ અન; શુંણ.

રાજસિંહ—(કચેરીમાંથી નિવૃત થઈ રાજસિંહ પોતાની માતુને વિમળાના પત્રની હકિકત જાહેર કરે છે.)

ગજલ.

(અરેરે કુત્સ આ શું એ ચાલ.)

સંદેશો ક્ષત્રી સુતાએ કહાવ્યો,
વિચારતો વાત તેથી ન આવ્યો;   સંદેશો.
રૂપનગઢથી પત્ર લખ્યો છે,
વીપ્ર સંગાથે વેગે પઠાવ્યો;   સંદેશો.
એના પિતાએ ડરી મુગલથી,
દિલ્હી થકી શાહ વરવા બોલાવ્યો;   સંદેશો.
શુદ્ધ વનિતા ને વિર માતા,
અંકુરથી મુંને એણે તેડાવ્યો;   સંદેશો.
નહીં આવો તો હત્યા થશે લખેછે,
આપની આજ્ઞા શી છે કહાવો;   સંદેશો.
વસંત પંચમિથી વેલા આવો,
લગન તણો તહાં દિવસ ઠરાવ્યો;   સંદેશો.

રાગ.

(જલદી લે બાવાજી લોટ આપું, એ રાહ.)

કેમ કરૂં એમાં વિલંબ, પડું ક્ષત્રીના ધર્મથી,
પડું ક્ષત્રીના ધર્મથી કે રાણાના કુળ કર્મથી; કેમ કરૂં૰
પત્ર લખ્યો પ્રેમદાએ, જાણી ક્ષત્રી તન સહી,
તે જો સાચો નવ કરૂં તો, નિર વિર થઈ મહી; કેમકરૂં૰
ઈક્ષ વાકુ કુળનિ કીર્તિ, ઝગમગેછે શુદ્ધ રહી,
તેને કલંક કેમ હું લાવું, તનુજ તેમનો હું થઈ; કેમકરૂં૰

વિરમતી—"શરણાંગતને શરણ દેવામાં સંકલ્પ વિકલ્પ કરતાં વિલંબ કર્યો એથી ક્ષત્રી શૂરત્વને તેં એબ લગાડીછે પુત્ર! એમ કહીને.

રાગ.

"ક્ષત્રી કલંક એ ચાલ."

અરે એવું લખ્યું જ્યારે એહ બાળ,
વિલંબ વિરે, શાને કરે રે; ટેક૰
તારે જવું જુએ, તહાં તતકાળ; વિલંબ૰
અરે તૈયાર તું થાજો, મારો તન; વિલંબ૰
અરે વણસશે, ક્ષત્રીનું રતન; વિલંબ૰
આતો આવ્યો તુંને, ઉત્તમ પ્રસંગ; વિલંબ૰
રાખ્ય જઈ રણ વિષે, તુંતો રંગ; વિલંબ૰
ધોયે આંહી તુજ, સમશેર હેઠ; વિલંબ૰
સાચું સેવ્યું તારે, જાણું મારૂં પેટ; વિલંબ૰
એમાં વિચાર ન, કર મારા તન; વિલંબ૰

કદી કરશે એહ, દેહનું પતન; વિલંબ.
ત્યારે હત્યા લાગશે, રાણાને કુળ; વિલંબ.
કિર્તિ પૂર્વજોની, મળશે ધુળ; વિલંબ.

અંક ૨ જો

સ્થળ—રૂપનગઢમાં વિમળાનો મેહેલ.

કાન્તા—"રાણા રાજસિંહનો પ્રત્યુત્તર વિમળા કાન્તા મુખથી સાંભળે છે."

રાગ સોરઠ.

(તેંતો ઘટમાં ઘર કીધું એ રાહ.)

વિમલા નવ કરશો ઉચાટ, વેહેલા આવશું રે, ટેક.
પત્ર તમારો પહોંચ્યો પ્રીતે, લખ્યો તમે ક્ષત્રીની રીતે;
બીરદ હમારૂં ખોઈ કુળ નહીં લજાવશું રે; વિમલા.
પ્રીય પ્રધાનને સાથે લઇને, સદ્ય અમે અશ્વારૂઢ થઇને,
વસંત પંચમી વેળા નહિ, વિતાડશું રે; વિમલા.
જરાએ ચીંતા કરશો નહીં મન, મેવાડગાદી હજી સજીવન,
શીશોદીઆના સોગન નહીં, વણસાડશું રે; વિમલા.

વિમળા—"રૂપનગઢ ઔરંગજેબ તથા કેશરબા જાન લઈ આવી પહોંચ્યાં, કેશરબાને મળવા જવું પડશે. એવી ખબર એક દાસી અમરસિંહ તરફથી કહેશે તેથી વિમળા ચિંતા તમે કરણામાં પડે છે.)

(એન ના પડે એ રાહ.)

દક્ષણી લાવણી.

કાન્તા કેમ થશે, નાથ હજુએ નાવ્યા રે,
પડતી ફાળ જો નિહાળ, અલ્પ કાળ મુગલ જાળમાં
નકી ફસાયાં રે કાંન્તા.
ક્ષત્રી ગણી લખ્યો, પત્ર પ્રીતથી મેં રે,
શુંણુશે કરણુ, દેશે શરણુ ધર્માચરણ કષ્ટ હરણુ,
પરાક્રમિ ગવાયા રે. કાંન્તા.
ચોતરફ બળે, દાહ અગ્નિ લાગ્યો રે;
વેરી મા બાપ, દિલમાં તાપ, દુઃખ અમાપ, પુરવ પાપ
ભાવીએ ભમાવ્યાં રે; કાંન્તા.

કાંન્તા—ફિકરનાં કરો, પ્રીય બેની મારી રે; ટેક.
આવે સુધિર, ક્ષત્રી વિર, રાખ ધિર પેર ચીર;
સજ થઇને, કર તૈયારી રે; ફિકર.
કિર્તિ નહીં તજે, પણ પોતાનું હારી રે;
વાંચી પત્ર, આવે અત્ર, ક્ષત્રી છત્ર, તું કલત્ર,
નહીં મૂકે, વિસારી રે; ફિકર.
પત્રીકા ગઇ, વિનતી તેં કરીછે રે;
ધારશે ઉર, એ છે શુર, જગમ શુર, વાટ દૂર છે
તું જો વિચારી રે; ફિકર.

વિમળા— "શિવની સ્તુતિ કરેછે."

એચાડો.

સહાય કરજો શંભુનાથ, નથી અબળાનો અવર ઉપાયરે.
આરે વખ્ત શિવ આકરો છે, સાચવજો શુભ પાણ,

નહીં તો મસ્તક કમળ અરપશું, પ્યારા નહિ કરીએ પ્રાણ. સહાય.

રાણા કુળના રાજસિંહના, અંતરમાં વસી આપ,
મોકલજો શિવ અમારી વારે, પ્રગટ્યો તનમાં તાપ; સહાય

—≈—

अंक ४ थो.

વિમળા—"વસ્ત્રાલંકાર ધારણ કરી બેઠી છે ત્યાં રાજસિંહને દાસી પ્રવેશ કરાવે છે. વિમળા શતકારને પ્રેમ સહિત પતિને બેસાડી, ક્ષત્રી નેક ટેકનાં વિશેષણ દે છે."

લાવણી.

(મુજ ઉપર ગુજરી પિતા એ રાહ.)

ધન્ય વિર પુત્ર છે, ધન્ય જનુની તમારી,
આવી યોગ્ય વખતમાં, ખબર લીધીછે હમારી;
અમે પત્ર લખ્યોતો, કુળ રાણાના જાણી,
તમો આવ્યા રાખ્યું, નીજ પરિયાનું પાણી;
સહુ દિશા નીરખી પણ, નરે કોઈ નજરે નાવ્યા,
શુદ્ધ ક્ષત્રી પુત્ર એક તમે, મુજ મન ભાવ્યા.
હતી દિશા સુન્ય મારે, આ વખતે સ્વામિ,
હું મહા દરિયામાં હતી, નાવ તમ પામી;
આવ્યું છે મુગલ દળ, એક તરફથી મોટું,
વળી બીજી તર્ફે, માબાપે ધાર્યુંછે ખોટું;
તમે ગાય તણી કરી વાર, શરણ દીધું છે,
એક ક્ષત્રી અબળા, તણું કામ કીધું છે.

ધન્ય જાણ્યા રન રજપૂત, જનુની આવાં,
જે શરણાંગતનાં પાળ, શરણ સુખ થાવા;
અરે ભરતખંડના, રાય અને સૌ રાણા,
દીધી કન્યાઓ, તુરક ઘેર વટલાણા;
ત્યારે શરણ હમારે, કોનું લેવું ક્રો પ્યારા.
એક ટેક વંત નર તમે, રહ્યા છો ન્યારા.
આ રૂપનગઢનું, રાજ ઘણું છે નાનું;
માબાપ થકી આ, કામ કર્યુંછે છાનું.
છે હાથ તમારે, રાણા હમારી લાજ;
હવે ઉચિત હોય તેમ, કરો વિચારી આજ.

ગઝલ.

રાજસિંહ—

મારા ધર્મથી વિશેષ, મેં નથી કર્યું,
પ્રીયાનાં ઉપકાર માનો, શરમ પામું હું;
આવાં કામે પગલાં પ્રીયા, બહુ અમે ભર્યાં,
શિશોદીયાએ શિશ વહાલાં, ત્યાં નથી કર્યાં;
શરમ મારાં સજ જ્યાં લગી, ધડ ઉપર છે શિશ,
ત્યાં લગી તું ડર પ્રીયા ન, કોઇનો ધરીશ;
ક્ષત્રીના અંકુર ખુનથી, નથી ખર્યાં,
કાયર નરના બોલ કોદી, કાને નવ ધર્યાં;
ક્ષત્રી નીતિ ક્ષત્રી ટેક, ક્ષત્રીનું અભિમાન,
નામ નિર સાચું ગણીએ, શરીરનું શું માન;
અરે શું આવીયો છે એહ, શાહ ઔરંગજેબ,
હામ ધરી આવ્યો લેવા, ક્ષત્રીઓની એબ

બોયે મોઢે કાઢું તો હું, રાણો રાજસિંહ;
રાજ હંસણી શું જાશે, તરક હાથ દિન;
વરશે શું એ મર્કટોને, ક્ષત્રી નારીઓ,
મર્દ શું ગયારે નાશી, હામ હારીઓ;

વિમળા—"રાજસિંહને ભોજન જમવા વિનતિ કરેછે."

(રાગ કલ્યાણ ઝીંઝોટી.)

પ્રીયા મોરા ધારન કરૂં શૃંગારરી, અલ્પ કાલ*ઠેરો પતિ. ટેક.
અનિત હો તુંમ, કરૂં મે સેવા, પીયા ભોજન કીયે હે તૈયારી
પુષ્પ બીવીધકે ગુંથીત સુંદર, પરિધાન કરે કંઠમે હારરી. પ્રી.
ક્ષત્રી રીતીવત અબ ઇહાં રાજા, મેરે મેહેલમેં કરે વિહારરી.

રાજસિંહ— સિંહાનો કનરો.

ગ્રહણ કરૂં આપો સ્નેહ નિર્મળથી, પ્રસંન્ન થાઊં આ રે
હસ્ત કમળથી—ટેક.
તમે છો નવોઢાકે અભિસારીકા, પ્રાપ્ત થયાં પુરવ પુન્ય ફ-
ળથી. પ્રસંન્ન થાઉ.
હસીત વદની હે મૃગ નયની, મુંને ફુબાવ્યો સુભાષિત
જલથી; પ્રસંન્ન થાઉ.

વિમળા— રાગ સોરઠ મલાર.

થરકે ચિતડું કરવું શું પ્રીયા, મુગલો દલ આવી પડ્યું રે
અહીં—થરકે; ટેક.
સંદેશો આવે નકી, પ્રત્યુત્તર શું દેશું રે પ્રીયા.
હવે તમથી અમ્મ ન થશું અલગાં, અમે ચાલશું લઇને
ચાલો રે જહાં—થરકે.

રાજસિંહ— બરવાની ઠુમરી.

મુગલોથી ડરો ન પ્રીયા રે તમો, જવું છે અહીંથી એને
જાણ કરી; મુગલો—ટેક.
શું રે શુરાતન ત્યારે હમારૂં, ગુમ જઇએ અબળાને હરી;
મુગલો.
ધૈર્ય રાખો તમે ચિંતા વિસારો, જેમ તેડાવ્યા છે હામ
ધરી; મુગલો.

વિમળા— "પોતાની સખી કાંન્તાને જાતી વખત કહેછે.

ભૈરવી.

(અહો મારા પ્રાણ દાતા એ રાહ.)

અહો મારી પ્યારી સખી, વિયોગ તારો થશે દુઃખકારી. ટેક.
બાળ સ્નેહી મારી સુખ દુઃખ સહભાગી, વિરહ અગ્નિ મુંને
બહુ બાળશે કાંન્તા પુજ પ્યારી; અહો મારી.
આભારી તારી બહુરે થઇછું, પીયુને મિલાવ્યા, તે શ્રમ તારો
જશે ન વિસારી; અહો મારી.

કાંન્તા— "ગદ ગદ કંઠે રોતી રોતી ગાવછે."

ભૈરવી.

(ચંદ્ર મુર્ખાને એકલો એ રાહ.)

હા બેની તુંતો જાયછે, તારા પીયુને તું મળી. ટેક.
સંતોષ એછે મુજને, સેવા કરજે સ્વામિની સાસુ,
નણંદોથી સદા રેજે ત્યાં હેતથી ભળી; હાબેની તું.
વિયોગ તારો શાલશે, આવીશ ત્યાં હું કદી,
સણગ્ગ પાય હું નમું, શરણે આછે મારી અલી; હાબે.

—❀❀❀—

અંક ૫ મો.

વિમળા—"એક પહાડની બાજુએ વૃક્ષની છાંયા તળે બેસતાં".

રાસડો.

તમે પ્રાણાધારછો પાસ અમ શેનો લાગેરે, ટેક.
વદન નિહાળું વેગથી, હર્ષ તણો નહીં પાર,
ઉત્કંઠા દિલમાં હતી, તે તો મળીયા હૈયાના હાર મા-
રા સુભાગ્યેરે; તમે.
પ્રીય એ ઇચ્છા માહરી, ઉદેપૂર મોઝાર,
જૈને તમ સેવા કરૂં, રાખી પતિવૃતનો આચાર;
અંતર મારૂં માગેરે; તમે.
સિતાને જેમ રઘુપતિ, પ્રહલાદને નરસિંહ,
એ રીત રક્ષણ કર્યું, તમે મારૂં રાણા રાજસિંહ;
આવ્યા મારી આગેરે, તમે.

રાજસિંહ— શિખરણી.

ખરે કેવાં માંગી કુલીન વધુ છો ઉત્તમ પ્રીયા,
મળ્યા છો સુભાગ્યે, સરલ પ્રીય વાદી સુખ મયા.
નહીં ઇચ્છું ક્યારે, વદન શશિ આતો દુર થવા.
સુધા પ્યારૂં શ્યામા, અધર થકી પાવું પ્રીય રમા.
ખરે છો રે રંભા, વિર રસ વપુધારી વનિતા,
ખરે આવ્યાં છો રે, સુરજ કુળ શોભાય સવિતા.
વદો વાણી પ્યારી, ૠતુ ૠતુ વિષે હંસ વરણી,
અહો મુગ્ધા બાળા, ચરન ધન્ય મેવાડ ધરણી.
તમે જાણો રીતી, શૂરવિર સવિતા કુળ તણી,

તમે જાણો નીતિ, અતુલિત વનિતા દુઃખ તણી.
તમે આવ્યા વેગે, હિત કર હમારી વિનતિથી,
દીસો પૂરા પ્રેમી, વિલસિત સરવદા સુખ મયી.

માઢની ગજલ.

પ્રાણનાથ આપનો, નિભાવશો આ સ્નેહ,
અર્પણ કર્યોછે અમે, આપને આ દેહ. ટેક.
અવર ઇચ્છા કાંઈ મારી, નથી પ્યારા પતિ,
અલગી ન કરશો રાણાજી, એહ ઇચ્છતી; પ્રાણનાથ.

રાગ સોરઠ.

છે રાણા કુળની રીતી રે, અમને પીયુ પૂર્ણ પ્રતિતી, ટેક.
અવર રાણીઓ અનેક આપની, પ્યારા ન વિસારશો
પ્રીતી રે; અમને.
વિશ્રામ સ્થાન એજ મેવાડ ભૂમિ, તમે જાણો
અમારી સ્થિતી રે; અમને.

રાજસિંહ— **રાગ સોરઠ.**

મે શુંણ્યાં વચન તમારાં રે, પ્રીયા છો તમે સૌથી પ્યારાં.
ગુણ શિળ રૂપને વિર વનિતા, ગણીએ ભાગ્ય હમારાં રે.
દેખીને તમને નેત્રો વિલસે, નહી કરીએ કદી ન્યારાં રે.

કેશરબા—"અજેપાલ ભીલ કેશરબાનું હરેણ એક પર્વતની
ખીંણમાં ઉતરી, બળાત્કારે કરવા જાયછે. ત્યારે કેશરબા
પોકાર કરેછે કે કોઇ શરણ આપો કોઈ શરણ આપો!!
આવા શબ્દ રાણાને કાને પડતાં હથિયાર બાંધી જઈ
તેના શિયળનું રક્ષણ કરી ફાંસામાંથી મુક્ત કરે છે. શર
મીંદ થઈ પાય પડી પ્રાર્થના કરે છે.)

લાવણી.

મૈંને બિના સમજ (૨) યહ ઉઠાયા બડા ફિસાદ,
મૈં અપરાધિ હું આપકી, કરના રાણાજી માફ, મૈંને.
મૈં દુશ્મનકે (૨) ઘરકી ઓરત મોજુદ,
મૈં શરન પડી હું કદમમેં, સુનીયો રાણાજી ખુદ, મૈંને.
તુંમ મારો મુજકુ, (૨) યા જીતી રખો રજપૂત,
મૈં બહોત સતાઈ બિમલાકુ, આફત લાઈ કરે તુત. મૈ.

રાજસિંહ—"ધીરજ દઈ તેની બેન વિમળા પાસે લઈ જવા કહેછે.)

બિહાગની ગજલ.

કેશરબા કાંઇપે શંકા, નવ ખાશો, અબળા અંતર નહિ અકળાશો કેશરબા. ટેક.
ક્ષત્રી નરોમાં કેવા છે પાણી, તે તમે જોયો તમાશો કે.
તમે પ્રસિદ્ધી કીધી હમારી, ક્ષત્રીનો ધર્મ પ્રકાશ્યો. કેશર.
નથી દુશ્મનતા તમશું હમારે, શરણે દુઃખી કેમ થાશો, કે.
તમારે નિમિતે પામ્યો હું વિમલા, આભાર ઉલટો એ
ખાસો. કેશરબા.
કસુર નથી આમાં કાંઇએ તમારી, વનિતા કાંઈ ન વિમાસો. કે.

વિમલા—"બેન કેશરબા શરમાશો નહીં; તમારી ઇચ્છા અનુસાર રાણાજી કરશે. દીલાસો.

ગજલ

અરે પ્યારાં કેશરબા, આવો પાસ,
જરાએ શંકાશો ન, થાશો ઉદાસ.
છે દૈવની બેની, ગતિ વિપરીત;

અરે આમ ક્યાંથી, બન્યું અઘટિત,
ધિરજ બેની રાખો, ન થવું દીલગીર,
સુખ દુઃખ માટે, ઘડયું છે શરીર.
છો રે મોટાં બેન, હમારાં તમો,
નહીં દોષ લેશો, છું છોરૂં અમો.
તમારી જે ઇચ્છા, હોય તે કહો,
અમો તેમ કરશુંજ સત્ય લહો.

કેશર—(ધન્ય છે બેન રાણાબાને કે મારી જાતી લાજ રાખી હવે મારી ઇછા દિલ્હી જઈ શાહને મળવાની છે.)

અરે બેની મુજકું, યહ હોતી શરમ,
દિલમેં હે મરનાં, તેરી કસમ,
મેન બહોત ગુજકુ, હો બેની સતાઈ,
દિલ્હી શાહકુ સમઝાકર, મેતો લાઈ.
એહિ અપરાધ, હે મેરા બડા,
રખે દાગ દીલમે તુ રાખે ખડા,
કહીદે મુંસે તેરા ગુન્હા હે માફ;
તો દિલકું આરામ, હોવે જરાક.
સચી તારી ટેક, સચાથા શુકન,
તેરા દેવ પાસે, જો બોલી વચન.
એસી નેકી દેખી મે, ક્ષત્રીમે આજ,
નિભાવી તેરા ખાવીંદ, મેરી લાજ.

રાજસિંહ—"કેશરબાને માન મર્તબા સાથે દિલ્હી મોકલવા નિશ્ચય કરે છે.

(પ્રીય મિત્ર વિના રાહ૦)

લાવણી.

હું દિલમાં વાત વિચારૂં, દિલ્લી મોકલવા ધારૂં,
છે દૈવ તણી ગતિ ન્યારી, એ શાહ તણી છે નારી,
એને રોકવી એહ ન સારૂં, દિલ્લી મોકલવા ધારૂં.
શત્રુતા શાહથી મારે, તે રણભુમિ હોય જ્યારે,
એ નીતિની રીત નિહાળુ૦ દીલ્લી.
જે બાલ વૃદ્ધ હોય આગે, જે કાયર રણથી ભાગે,
અબળા પર વેર ન વાળું; દીલ્લી.

કેશરબા—"રાણાજી મારી પણ એજ ઇચ્છા છે, તેજ આપે વિચારી તો ધન્ય છે."

ગજલ.

(સરકાર રજા દીજીયે.)

મેરા ખાવીંદ પાસ દીલ્હી, મેં જાને ચહું,
રાણાજી અર્જ એસી મેરી, સચ્ચ દિલ્લ કહું.
નેકી ઉસસે રખની યહહે, નીતિકી રશમ,
રાણાજી દિલ બિચારીએ, મેં કહતી ખા કસમ.
દિલ્હી શાહસે નિકા પઢી, મેં નામદાર,
પાક દિલ્લ એક ઉસસે, રખનેકા બિચાર.
માન મરતબા મેરા, રખા તુમને રાજન,
એ એહશાન કભ ન ભુલું, સચ કહું બચન.
રાણાજી યહ હે બંદગી, મેરી ખુદાકી પાસ,
મારે જેસે હોયે પેદા, શૂર જગમે ખાસ.

વિમળાકી જોડી ક્ષત્રી, બેટીઓ બને,
સચા ધર્મ સો દીખાવે, સંકટ નવ ગીને.

—❦—

" ખેલની સમાપ્તી બાદ એક ગાયન. "

(સૌ પાત્રો સાથે,)

રાગ કલ્યાણની ગજલ.

" સલામ, સલામ એ રાહ. "

વિજય વિજય વિજય, સદા પામજો વિજય,
દંપતી આ જેવાં વિશ્વે, પામજો વિજય. ટેક.
મેવાડ ભૂમિનો વિજય, તેના વિરનો વિજય,
વિજય રાણા કુળનો જે, આપતા આશ્રય; વિજય.
શુદ્ધ સતીઓનો વિજય, વિમળમતિનો વિજય,
શિર સાટે ધર્મ સાચવ્યો, ધરી નિશ્ચય; વિજય.
આવા ક્ષત્રીનો વિજય, જે ધિર વિર ધર્મ રૂપ,
કિર્તિ જગ મગેછે જેની, શુદ્ધને અનૂપ; વિજય.
અમે માગીએ ક્ષમારે, સ્થાન પ્રત્યે તો જવા,
ગૃહસ્થો તસ્દી લેશો, અન્ય ખેલે આવવા; વિજય.

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલાં પુસ્તકો જેઓ સાહેબોને જોઈતાં હોય તેમણે ભાવનગર, જુનાગઢ, જામનગર, રાજકોટ, ગોંડલ વિગેરેના બુકસેલરો પાસેથી અથવા મોરબી આર્યસુબોધ નાટકમંડળીનો મુકામ હોય ત્યાં તેના મેનેજર પાસેથી યાને મોરબી તળપદમાં ગ્રંથકર્તા પાસેથી રોકડી કિંમત મોકલી મંગાવી લેવાં. જથાબંધ મંગાવનારની સાથે કમીશનની સમજુત પત્રદ્વારા કરવામાં આવશે.

	કિમ્મત. રૂ. આ. પા.
ભર્તૃહરી નાટક મોટું—આવૃત્તિ ૨ જી	૧—૦—૦
સદર ગાયન	૦—૨—૦
ચાંપરાજ નાટક મોટું	૧—૦—૦
સદર ગાયન	૦—૨—૦
ઉષાહરણ નાટકનાં ગાયન	૦—૩—૦
કેસરસિંહ પરમારનાં નાટકનાં ગાયન	૦—૨—૦
ઉદેપુરના રાણા રાજસિંહના નાટકનાં ગાયન	૦—૨—૦
સીતાસ્વયંવર નાટકનાં ગાયન	૦—૨—૦

રાણા રાજસિંહનું નાટક તથા કેસરસિંહ નાટક હવે પછી બહાર પડશે તે દરેકની કિંમત અગાઉથી રૂ૦॥ ને પાછળથી રૂ૧) છે. જેઓને ગ્રાહક થવું હોય તેમણે લખી મોકલવું તા. ૨૨—૫—૯૬ મોરબી.

વાઘજી આશારામ ઓઝા.

ગ્રંથકર્તા.